Extra No. 272

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **TUESDAY, APRIL 7, 2026 / CHAITRA 17, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

જાહેરનામું

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૨૬

લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ની કલમ-૧૨૭ (અ) ની જોગવાઈઓના પાલન માટે જાહેરનામું

વંચાણમાં લીધુ :- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની તા.૦૧/૦૪/૨૦૨૬ની અખબારી યાદી ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૪૨૦૨૬/ક ૯૬૪૭ થી ૯૭૬૧

નં.ડીસી/સ્થા.સ્વ.ચૂં.૨૦૨૬/વશી.૩૬૯૨ થી ૩૭૦૯/૨૦૨૬:- આમુખ-૧ થી રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા રાજ્યની મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની સામાન્ય / વિભાજન / મધ્યસત્રની બેઠકો તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની ચૂંટણી યોજવા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ ગાંધીનગર જિલ્લાની ૨ નગરપાલિકા (કલોલ, દહેગામ), ગાંધીનગર જિલ્લા પંચાયત, તથા ૩ તાલુકા પંચાયત (કલોલ, માણસા, દહેગામ)ની ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૦૧/૦૪/૨૦૨૬ થી આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. સદરહું ચૂંટણીઓ હેઠળની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી અન્વયે તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ મતદાન અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ યોજનાર છે તેમજ ચૂંટણી પ્રક્રિયા તા.૩૦/૦૪/૨૦૨૬ના રોજ પૂર્ણ થનાર છે.

ચૂંટણી દરમ્યાન પ્રચાર માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીતપત્રો વિગેરેના મુદ્રણ અને પ્રકાશન માટે લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ની કલમ-૧૨૭(અ)ની જોગવાઈઓ લાગુ પડે છે. કલમ-૧૨૭(અ)(૧)ની જોગવાઈ મુજબ કોઈપણ વ્યક્તિ જેના પર તેના મુદ્રણ અને પ્રકાશનના નામે અને સરનામા ન હોય તેવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો વિગેરે છાપી કે પ્રસિદ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિદ્ધ કરાવી શકશે નહીં. તેવી જ રીતે કલમ-૧૨૭ (અ)(૨) મુજબ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મુદ્રકને આપ્યા સિવાય કોઈપણ વ્યક્તિ ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો કે અન્ય સામગ્રી છાપી શકશે નહીં કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહીં.

ઉપરની જોગવાઈઓની આવશ્યકતાઓનો કડક અમલ તથા પાલન થાય તે જરૂરી હોઈ તેના કડક અમલ માટે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા પણ આ બાબતે જરૂરી આદેશો કરેલ હોઈ, વાસ્તે હું રવિન્દ્ર ખતાલે, જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર જિલ્લામાં આવેલ મુદ્રણાલયોના મુદ્રકોને ઉક્ત આદેશની જોગવાઈઓ મુજબ નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા ફરમાવું છું.

(૧) લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ની કલમ-૧૨૭(ક)(૧)ની જોગવાઈ મુજબ ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો કે અન્ય સામગ્રીનું છાપકામ કરવામાં આવે ત્યારે મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા સ્પષ્ટ પણે અવશ્ય દર્શાવવા.

(૨) ચૂંટણી સબંધી કોઈપણ ચોપાનીયા અથવા ભીંતપત્રો કે અન્ય સામગ્રીનું મુદ્રણ હાથ ધરતાં પહેલાં ઉક્ત કલમ-૧૨૭(ક)(૨)ની જોગવાઈઓ મુજબ મુદ્રકે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા નક્કી થયેલા આ સાથેના જોડાણ-(ક) મુજબના ઠરેલ નમૂનામાં પ્રકાશક પાસેથી એકરારપત્ર બે નકલમાં મેળવવાના રહેશે અને આ એકરાર પત્ર ઉપર પ્રકાશકની તેમજ પ્રકાશકને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યક્તિની શાખ તરીકે સહીઓ કરવાની રહેશે. મુદ્રકે પણ તે અધિકૃત કર્યા બદલ સહી કરી મુદ્રિત સામગ્રીની ત્રણ નકલો સાથે એકરારપત્રની એક નકલ ત્રણ દિવસમાં અત્રેની ચૂંટણી શાખામાં મોકલી આપવાની રહેશે.

(૩) ઉપર મુદ્દા નંબર (૨) માં રાજ્ય ચૂંટણી આયોગના આદેશ મુજબ મુદ્રકે પ્રકાશકના એકરારનામાં સાથે મુદ્રિત સામગ્રીની ચાર-(૪) નકલો તેના મુદ્રણના ત્રણ દિવસની અંદર રાજ્ય ચૂંટણી આયોગ તરફથી નક્કી થયેલ આ સાથેના જોડાણ-ખ મુજબના નમૂનામાં મુદ્રકે છાપેલા દસ્તાવેજોની નકલોની સંખ્યા તેના મુદ્રણ કામ અંગે થયેલ ખર્ચની માહિતી વિગેરે વિગતો દર્શાવી સહી કરી અત્રેની કચેરીની ચૂંટણી શાખાને બીનચુક રજૂ કરવાની રહેશે.

(૪) મુદ્રકે તેના છાપેલા ચૂંટણીના દરેક ચોપાનીયા, ભીંતપત્રો વિગેરેની બાબતમાં આવા દરેક દસ્તાવેજના મુદ્રણના ત્રણ દિવસની અંદર આવી માહિતી સંયુકત રીતે નહીં પણ અલગ અલગ રીતે ચૂંટણી શાખાને રજૂ કરવાની રહેશે.

(૫) લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ની કલમ-૧૨૭ (અ) ઉપર દર્શાવેલ જોગવાઈ અને રાજ્ય ચૂંટણી આયોગના આદેશ મુજબ આપવામાં આવેલ ઉપર્યુક્ત સૂચનાઓનું દરેક મુદ્રકે ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે અને જો ભંગ થશે તો કલમ-૧૨૭ (અ) (૪)ની જોગવાઈ મુજબ છ માસની સજા અગર રૂા.૨૦૦૦/- દંડ કે બંને સજાને પાત્ર રહેશે.

આ હુકમનો અમલ આ હુકમની તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

વધુમાં, હું એવો આદેશ કરૂ છું કે, આ હુકમને આગામી એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ પ્રસિદ્ધ કરવો તથા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે જાહેરાત કરાવવી.

આજ રોજ તારીખ ૦૧/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે છે.

રવિન્દ્ર ખતાલે,

જિલ્લા મેજિસ્ટ્રેટ,

ગાંધીનગર.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.04.20 22:19:47 IST